જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૦૯/૨૦૨૧ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૭૮૦/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૯/૦૯/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૭૭	૦	૧૧૬૭૭	૧૭૭૮૮	૦	૧૭૭૮૮
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૧૨	૦	૧૧૨	૩૮૪	૦	૩૮૪
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૧૬૦૩	૨૬	૭૧૬૨૯	૭૨૬૧૫	૨૬	૭૨૬૪૧
કુલ		૮૮૪૨૫	૨૬	૮૮૪૫૧	૯૭૩૬૯	૨૬	૯૭૩૯૫

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૩૧	૩,૭૧,૦૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૫૯૮	૫,૯૮,૦૦૦/-

ખુનના ગુનાના આરોપીની અટકાયતની વિગત

મેઘાણીનગર પોલીસ સ્ટેશન :

શાહીબાગ પોલીસ સ્ટેશન ગુ.ર.નં પાર્ટ-એ-૧૧૧૯૧૦૩૧૨૧૧૫૨૭/૨૦૨૧ ઇ.પી.કો. કલમ-૩૦૨,૩૨૬,૨૯૪(ખ) તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબના ગંભીર પ્રકારના ગુનાના આરોપીને શોધી પકડી પાડતી મેઘાણીનગર પોલીસ

સયુક્ત પોલીસ કમીશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમીશ્નર શ્રી ઝોન-૪ સાહેબ તથા મદદનીશ પોલીસ કમીશ્નર શ્રી "જી" ડીવીઝન સાહેબ અમદાવાદ શહેર નાઓની સુચના તથા સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રીમેઘાણીનગર પો.સ્ટે નાઓના માર્ગદર્શન હેઠળ પો.સ.ઈ વી.એ.હરકટ તથા એ.એસ.આઇ ઉત્તમભાઇ બચુભાઇ બ.નં.૩૬૦૯ તથા અનાર્મ હેડ કોન્સ. સિરાજઅહેમદ લીયાકતઅલી બ.નં.૮૩૩૮ તથા અનાર્મ પો.કો. યુવરાજસિંહ ભરતસિંહ બ.નં.૧૩૧૪૬ તથા અનાર્મ પો.કો. ધર્મેશભાઇ આત્મારામ બ.નં.૯૦૮૨ તથા અનાર્મ પો.કો. ભરતભાઇ વેલજીભાઇ બ.નં.૯૧૪૬ તથા અનાર્મ પો.કો. ભદ્રેશસિંહ બાબુભાઇ બ.નં.૩૧૬૦ તથા અનાર્મ લોકરક્ષક સુરપાલસિંહ અમરસિંહ બ.નં.૧૪૮૦ તથા અનાર્મ લોકરક્ષક વિજયભાઇ અશોકભાઇ બ.નં.૧૨૯૩૮ તથા અનાર્મ લોકરક્ષ સુનિતભાઇ ઇશ્વરભાઇ બ.નં.૧૨૫૦૮ તથા અનાર્મ લોકરક્ષક જતીનભાઇ દિનેશભાઇ બ.નં.૧૨૭૯૮ નાઓ ચમનપુરા પો.ચોકી વિસ્તારમા શરીર સબંધી ગુનાઓ બનતા અટકાવવા સારૂ તથા મિલ્કત સબંધી ગુનાઓ શોધવા સારૂ તેમજ કાયદો અને વ્યવસ્થા જાળવવા સારૂ પેટ્રોલીંગમા હતા દરમ્યાન પો.સ.ઈ વી.એ.હરકટ તથા એ.એસ.આઇ ઉત્તમભાઇ બચુભાઇ બ.નં.૩૬૦૯ તથા અનાર્મ લોકરક્ષક જતીનભાઇ દિનેશભાઇ બ.નં.૧૨૭૯૮ નાઓની સયુક્ત બાતમી હકીકત આધારે આરોપી દિનેશ સન/ઓફ લક્ષ્મણભાઇ વેલજીભાઇ પટણી (બોબડીયાવાળા) ઉવ-૨૯ રહેવાસી-હસન જીવાભાઇની ચાલી જોગણીમાતાના મંદીરની પાસે સાગર હોટલની સામે ચમનપુરા મેઘાણીનગર અમદાવાદ શહેર નાઓને તા-૨૯/૦૯/૨૦૨૧ ના કલાક ૧૭/૦૦ વાગે સી.આર.પી.સી.કલમ ૪૧(૧)(આઇ) મુજબ પકડી શાહીબાગ પોલીસ સ્ટેશન ગુ.ર.નં પાર્ટ-એ-૧૧૧૯૧૦૩૧૨૧૧૫૨૭/૨૦૨૧ ઇ.પી.કો. કલમ-૩૦૨, ૩૨૬, ૨૯૪(ખ) તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબના ગંભીર પ્રકારના ગુનાના આરોપીને શોધી પકડી પાડી સારી તેમજ પ્રશંસનિય કામગીરી કરેલ છે.

કામગીરી કરનાર અધિકારીશ્રી/કર્મચારી :-

(૧) પો.સ.ઈ વી.એ.હરકટ (૨) એ.એસ.આઇ ઉત્તમભાઇ બચુભાઇ (૩) અ.હે.કો. સિરાજઅહેમદ લીયાકતઅલી (૪) અ.હે.કો. અશ્વિનભાઇ મણીલાલ (૫) અ.પો.કો. મનોજસિંહ મુકુંદસિંહ (૬) અ.પો.કો. યુવરાજસિંહ ભરતસિંહ (૭) અ.પો.કો.ધર્મેશભાઇ આત્મારામ (૮) અ.પો.કો. ભરતભાઇ વેલજીભાઇ (૯) અ.પો.કો. ભદ્રેશસિંહ બાબુભાઇ (૧૦) અ.લો.ર. સુરપાલસિંહ અમરસિંહ (૧૧) અનાર્મ લોકરક્ષક વિજયભાઇ અશોકભાઇ (૧૨) અનાર્મ લોકરક્ષ સુનિતભાઇ ઇશ્વરભાઇ (૧૩) અનાર્મ લોકરક્ષક જતીનભાઇ દિનેશભાઇ

આરોપીનું નામ સરનામુ:-

દિનેશ સન/ઓફ લક્ષ્મણભાઇ વેલજીભાઇ પટણી (બોબડીયાવાળા) ઉવ-૨૯ રહેવાસી-હસન જીવાભાઇની ચાલી જોગણીમાતાના મંદીરની પાસે સાગર હોટલની સામે ચમનપુરા મેઘાણીનગર અમદાવાદ શહેર



પાસા અટકાયતની વિગત

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન :

પાસા હેઠળ અટકાયત કરતી કૃષ્ણનગર પોલીસ

મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશનર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી "જી" ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ (૧)શહેરકોટડા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૧૨૧૦૫૦૦/૨૦૨૧ ઇપીકો કલમ ૩૦૨,૩૨૩,૨૦૧,૧૧૪ જી.પી.એકટ ૧૩૫(૧) તથા (૨) કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૧૦૩૫૦/૨૦૨૧ ઇપીકો કલમ ૩૯૨, ૧૧૪ મુજબના શરીર સબંધીના ગુનાઓ દાખલ થયેલ જે આધારે રેકર્ડ તૈયાર કરી તેના વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંકઃPCB/DTN/PASA/૫૧૮ /૨૦૨૧ તા.૨૯/૦૯/૨૦૨૧ ના હુકમ આધારે તા.૨૯/૦૯/૨૦૨૧ ના કલાકઃ૨૧/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી ખાસ જેલ પાલારા ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

પો.ઇન્સ.શ્રી એ.જે.ચૌહાણ તથા અ.હે.કો. પ્રવિણભાઇ રામભાઇ બ.નં.૯૦૩૦ તથા અ.પો.કો. મયુરસિંહ ઉદેસિંહ બ.નં.૮૬૮૫ તથા અ.પો.કો. કલ્પેશસિંહ પોપટભાઇ બ.નં.૭૨૮૩

આરોપીનું નામ:-

ચીરાગ ઉર્ફે ચીંટુ સ/ઓ છગનભાઇ ઉર્ફે ભોચુભાઇ લલ્લુભાઇ પટણી (હડુસીયાવાળા) ઉ.વ.૧૮ ધંધોઃ-છુટક મજુરી રહે.કડીયાની ચાલી ટેકરા ઉપર સંતોષી માતાના મંદિર પાસે અસારવા અમદાવાદ શહેર



શાહપુર પોલીસ સ્ટેશન :

શરીર સંબંધી પાસા અટકાયતની ધરપકડ કરતી શાહપુર પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્કોડની ટીમ

માનનીય પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર, અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧, નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "સી" ડિવિઝન અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમાં બનતા શરીર સબંધી ગુનાઓમાં આરોપીઓ સામે અસરકારક કાર્યવાહી કરવા માટે આપેલ સુચના મુજબ પોલીસ ઇન્સપેક્ટર શ્રી શાહપુર પોલીસ સ્ટેશન નાઓની માર્ગદર્શન આધારે શાહપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવા પ્રકારના ગુનાઓ આચરતા ઇસમ નામે શાહનવાજ ઉર્ફે શાનુ બાપુ S/o મેહબુબભાઇ બાબામીયા સૈયદ ઉ.વ.૨૮ રહે.મ.નં. ૨૨૦૨, કયાણીવાડ, મુરાદ બિલ્ડીંગની સામે, ખાનપુર, શાહપુર, અમદાવાદ શહેર નાઓની વિરુદ્ધ દાખલ થયેલ જુદા-જુદા ગુના આધારે સદરી આરોપી વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નર શ્રી ની કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ ઉપરોકત આરોપીને પાસા અટકાયતમાં લેવા હુકમ કરેલ પરંતુ સદરહુ આરોપીએ નામ હાઇકોર્ટમાં અરજી કરતા હાઇકોર્ટે પાસા હેઠળ અટક નહી કરવા સુચના આપેલ જે અરજી નામ. હાઇકોર્ટમાંથી વિડ્રો થતા સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ. શ્રી એસ.આર.બલાત તથા સર્વેલન્સ સ્કોડની ટીમે ઉપરોકત આરોપીને શોધી કાઢી પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૧૩૧/૨૦૨૦ તા.૦૧/૦૨/૨૦૨૦ ના આધારે સદરી આરોપીને પાસા અટકાયતના હુકમની તા.૨૯/૦૯/૨૦૨૧ ના રોજ બજવણી કરી ડીટેઇન કરી મધ્યસ્થ જેલ વડોદરા ખાતે યોગ્ય જાપ્તા સાથે મોકલી આપેલ છે. તા.૩૦/૦૯/૨૦૨૧

સારી કામગીરી કરનાર ટીમ :-

(૧)પો.સ.ઈ. એસ.આર.બલાત તથા સર્વેલન્સ સ્કોડ ટીમ (૨)મ.સ.ઇ વિરભદ્રસિહ વિજયસિહ (૩)અ.હે.કો. જેરામભાઇ વાલજીભાઈ (૪) લોકરક્ષક શક્તિસિંહ ગોવિંદસિંહ



નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૭૮૧/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી, ૨૮ વ્યક્તિઓને ઝડપી, ૬૩ લીટર દેશી દારૂ, ૬૭ બોટલ ઇંગ્લીશ દારૂ, ૦૨ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ અને ૦૧ સ્કુટર કબજે કર્યું હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૧૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૦,૮૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૭૮૨/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૭૮૩/૨૦૨૧**

વસ્ત્રાપુરઃ રાજેશભાઇ પોહકર મંગલ (ઉ.વ.૫૦)(રહે. વિશાલ એજન્સી આનંદનગર રોડ સેટેલાઈટ) એ તા.૨૯/૦૯/૨૦૨૧ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૦૬/૨૦૨૧ બપોરના ૧/૪૦ થી તા.૧૯/૦૯/૨૦૨૧ સાંજના ૭/૩૦ સુધીના સમયગાળા દરમ્યાન બોડકદેવ નેનધારા એપાર્ટમેન્ટ ખાતે આવેલ રાજેશભાઇની કંપનીની ઓફિસ નંબર ૧૦૨/૧૦૪ ખાતે આરોપી ગોપાલ મુરલીધર વર્લીઆની (રહે.વિર સાવરકર હાઈટસ વસંતનગર ટાઉનશીપ ગોતા ઓગણજ) એ કંપનીના ઇનવોઇસ બિલમાંથી રાજેશભાઇની કંપનીનો એકાઉન્ટ નંબર હટાવી, રાજેશભાઇના જમશેદપુર ખાતેના બંને ગ્રાહકોને તે બિલ આપી, ગ્રાહકોને ઇ-મેઇલથી પોતાનો ખાતા નંબર આપી, બંને ગ્રાહકોના કુલ રૂપિયા ૧,૩૬,૦૮૦/- પોતાના પર્સનલ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરાવી મેળવી લઇ તેમજ કંપની તરફથી સેલ્સ–ટુર માટે આપેલ રૂપિયા ૭૫,૭૪૫/- હિસાબ નહી આપી કુલ રૂપિયા ૨,૧૧,૮૨૫/- રાજેશભાઇની કંપની સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.ડી.મકવાણા ચલાવે છે.

લુંટની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૭૮૪/૨૦૨૧**

સરખેજઃ કૌશલભાઈ રણછોડભાઈ ઠક્કર (ઉ.વ.૩૩)(રહે.કૃષ્ણધામ એપાર્ટમેંટ, વિભાગ-૦૨ સાલપુરા ફાટક સામે, વેજલપુર) એ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૦૯/૨૦૨૧ રાતના ૧૦/૧૫ વાગ્યાના સુમારે સરખેજ એસ.પી.રીંગ રોડથી કાકાના ઢાબા વાયએમસીએ તરફ જતા કલરવ ફાર્મ સામેથી પસાર થઇ રહ્યા હતા ત્યારે બે મોટર સાયકલ ઉપર આવેલ ચાર અજાણ્યા પુરૂષોએ ભેગા મળી કૌશલભાઇને રોકી લઈ તેમના જ્યુપીટરની ચાવી તેમજ કૌશલભાઇની બેગમાં મુકેલ રોકડ રૂપિયા ૪૫,૦૦૦/-, મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૮,૦૦૦/- અને ત્રણ સાદા ફોન કિંમત રૂપિયા ૧,૫૦૦/- મળી કુલ રૂપિયા ૫૪,૫૦૦/- મતા ઝુંટવી લઈ લુંટ કરી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.પી.સોલંકી ચલાવે છે.

વિજ કરંટ લાગતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૧૭૮૫/૨૦૨૧**

દાણીલીમડાઃ અયાન માજીદભાઈ મલેક (ઉ.વ.૧૮) (રહે.સોઢણ તલાવડી ન્યુ ફૈસલનગર બેરેલ માર્કેટ દાણીલીમડા) તા.૨૯/૦૯/૨૦૨૧ સવારના ૬/૦૦ વાગ્યાના સુમારે બીઆરટીએસ વર્કશોપ પાછળ ચિરાગપાર્ક ગેટ.નંબર-૪ પાસે સર્વીસ સ્ટેશનમા ઈલેક્ટ્રીક મોટરથી પાણીની પાઈપ વડે પાણી છાંટતી વખતે ચાલુ પાઈપે ઈલેક્ટ્રીક સ્વીચ બંધ કરવા જતા વિજ કરંટ લાગતા સારવાર માટે તેમને એસ.વી.પી.હોસ્પિટલ લઈ જતા ફરજ પરના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી પ્રધાનજી ખેંગારજી ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૭૮૬/૨૦૨૧**

ગોમતીપુરઃ ત્રિભોવનભાઈ રામજીભાઈ પરમાર (ઉ.વ.૬૫)(રહે.અંબાલાલની ચાલી, નગરી મીલ ની સામે ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૨૯/૦૯/૨૦૨૧ બપોરના ૧૨/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દેવીદાસ વીરભાણ ચલાવે છે.

દાણીલીમડાઃ લક્ષ્મીબહેન ઉર્ફે અંજુ નરેશભાઇ પરમાર (ઉ.વ.૧૭) (રહે. મોહનનથ્થુની ચાલી ચેપી રોગ હોસ્પિટલ સામે બહેરામપુરા દાણીલીમડા) એ બિમારીથી કંટાળી તા.૨૯/૦૯/૨૦૨૧ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે લાકડાની વળી સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.જી.ગોહિલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.